આગામી દિવસોમાં ગરમમાં વધઘટ સાથે ધૂળીયું વાતાવરણ છવાશે

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર જાણીતા જયોતિષી અંબાલાલ પટેલની આગાહી મુજબ હાલમાં ઉનાળાની ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે ત્યારે અને ઘણા ભાગોમાં સહેજ આકરી ગરમીના મંડાણ થયા છે ત્યારે ભૂ ભૌગોલિક સ્થિતિ મુજબ ગ્રહો તેમજ અન્ય આધારે જોતા આ વખતે વૈશ્વક તાપમાનમાં ભારે પલટા આવેલ છે. આ સમાહ દરમિયાન શહેરનાં વાતાવરણમાં ગરમીમાં વધઘટ સાથે વાતાવરણ ધૂળીયું બનશે.

વળી, અલનીનોની ધાસ્તી રહી છે ત્યારે ખેડૂત ભાઈઓ અને વેપારી વર્ગમા ચિંતાનું મોજું રહે તે સ્વભાવિક છે. આથી આ વખતે રાજયમાં અલનીનો પ્રભાવ જોતા કવચિત ચોમાસુ વરસાદમાં અનિયમિતતા જણાય છતાં ચોમાસાના વચ્ચે વચ્ચે થતા વરસાદથી અછતની સ્થિતિ રાજયના બહુધા ભાગોમાં રહે તેવી વકી જણાતી નથી કોઈ કોઈ ભાગોમાં વરસાદની સ્થિતિ નબળી રહી શકે પરંતુ હજુ ઉનાળાના દિવસોમાં જો સાનુકુળ સ્થિતિ સર્જાય તો રાજયમાં આ વખતે પણ ચોમાસું સામાન્યતઃ સારું રહે.

તા.૧૪ એપ્રિલથી સૂર્ય અશ્વિની નક્ષત્ર અને મેષ રાશિમાં આવતા વાદળ છાયું જણાય તા.૧૪થી વાદળો આવે અને પવન જણાય તા. ૧૬ થી ૧૮ પવન અને વંટોળ સાથે ધૂળ ઉડે અને વાદળવાયું જણાય. તા. ૧૯ થી ૨૩માં દક્ષિણ પૂર્વીય સાગર કાંઠે ચકવાત થવાની સંભાવના રહે અને રાજયના કેટલાક ભાગોમાં પણ વાદળવાયુ અને કયાંક કયાંક કમોસમી વરસાદ થઈ શકે તેવા હવામાનમાં પલટા જણાય. દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં હિમ કે ઠંડકનો વરસાદ થવાની વકી રહે.

કોલ્ડ સ્ટોરેજના અભાવે બટાટા પકવતા ખેડૂતો વિમાસણમાં મુકાયા

ગાંધીનગર, તા. ૧૩

જિલ્લામાં પાકેલા બટાટાના મબલક પાકથી ખેડૂતોને 'કહી ખુશી કહી ગમ'ની પરિસ્થિતિનું નિર્માણ થયું છે. બટાટા મુકવાના કોલ્ડસ્ટોરેજના અભાવના કારણે ખેડૂતોએ સહકારી ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓએ કોલ્ડ સ્ટોરેજની સુવિધા પુરી પાડવા માટે માગણી કરી છે.

ગાંધીનગર જિલ્લામાં આ વર્ષે ખેડૂતોને બટાટાનો પાક મબલક પાક્યો છે. બટાટાનું વધારે ઉત્પાદન થવાથી ખેડૂતો હરખાયા છે. પરંતુ હાલમાં બટાટાના ભાવ ખુબજ નીચો છે. ત્યારે બટાટા મુકવા માટે ખેડૂતોને બટાટા કોલ્ડ સ્ટોરેજમાં મુકવાની ફરજ પડી રહી છે. જે ખેડૂતોએ બટાટાના પાકની વહેલા કાપણી કરી તે લોકો બટાટા કોલ્ડ સ્ટોરેજમાં મુકવામાં સફળ રહ્યા છે.

બટાટા માટેના કોલ્ડ સ્ટોરેજ દહેગામ અને બાયડ પંથકમાં જ આવેલા છે. ત્યારે જિલ્લાના ખેડૂતોને બટાટા મુકવા માટે દહેગામ અને બાયડ ખાતે લાંબુ થવુ પડતુ હોય છે. ત્યારે સહકારી ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થાઓ આગળ આવે તેવુ ખેડૂતો ઈચ્છી રહ્યા છે. આ અંગે ઈસનપુર મોટાના ખેડૂત શૈલેષભાઈ પટેલે જણાવ્યુ હતુ કે સરકારી ક્ષેત્રની સંસ્થાઓએ સેન્ટર પ્રમાણે કોલ્ડ સ્ટોરેજ ફાળવવા જોઈએ.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચ-૪ ખાતેની ડૉ. બાબાસાહેબ પ્રતિમાને શહેરની સંસ્થાઓ પુષ્પાંજલિ અર્પશે

દલિત સાહિત્ય વિમર્શ મંચ અને ડેમોક્રેટિક એસોસિએશનના હોદ્દેદારો ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૧૩

સમ્રાટદેશ આજે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૩મી જન્મ જયંતિ ઉજવશે. ગાંધીનગર દલિત સાહિત્ય વિમર્સ મંચ અને ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન દ્વારા ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવશે.

ડૉ. આંબેડકર જન્મ જયંતિ ઉજવમી સમિતિ અને દલિત સાહિત્ય વિમર્સ મંચ દ્વારા બાબા સાહેબના વૈચારિક વારસા પર વક્તવ્ય અને દલિત કવિ સંમેલન યોજાશે. જેમાં ચંદુ મહેરિયા વક્તવ્ય આપશે. રોહિતદાસજી મંદિર હોલ સે. ૬ ખાતે સાંજે ૪.૩૦ વાગે યોજાશે. કાર્યક્રમમાં કવિઓ દલિત કવિતા પઠન કરશે.

ડેમોક્રેટીક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગર શાખા દ્વારા બાબા સાહેબને શ્રદ્ધાંજલિ અર્પણ કરશે. વિધાનસભા સામેની ડૉ. આંબેડકરની પ્રિતમાને સવારે ૯.૦૦ વાગે પુષ્પાંજલિ અર્પણ કરશે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ બી.પી. પરમાર, મહામંત્રી મૂળજીભાઈ પરમાર સહિત મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

એ.એફ.એસ. દ્વારા ગ્લોબલ યુથ સર્વીસ ડેની ઉજવણીના ભાગરૂપે રવિવારે બીજા દિવસે દર્દીઓને બીસ્કીટ આપવામાં આવ્યા હતા. તેમજ એક બ્લડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૨૫ બોટલ રક્ત એકત્ર થયું હતું. આ રક્તદાન શિબિરમાં સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજનો અગ્રણીઓ સુકેતુ મહેતાએ ૪૯ વર્ષની વયે ૧૨૧ વખત અને ૫૫ વર્ષીય રસીકભાઈ પટેલે ૬૫મા વખત રક્તદાન કર્યુ હતુ. (તસવીર : કશ્યપ નિમાવત)

રાંધેજા-રૂપાલ માર્ગ પર ટેમ્પો પલ્ટી ખાતા પાંચને ઈજા

કપડવંજનું પરિવાર કોઠા હડકાઈ માતાના દર્શન અર્થે જઈ રહ્યુ હતુ

ગાંધીનગર, તા. ૧૩

કપડવંજના એક પરિવારના સભ્યો કોઠા હડકાઈ માતાના મંદિરે દર્શન અર્થે જતા રાંધેજા-રૂપાલ માર્ગ પર ટેમ્પો અચાનક જ પલ્ટી ખાતા અકસ્માત સર્જાયો હતો. જેમાં પાંચ મુસાફરોને ઈજા થતા સારવાર માટે ગાંધીનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડા જિલ્લાના કપડવંજના એક પરિવારના સભ્યો આજે કપડવંજથી મહેસાણાના કોઠા સ્થિત હડકાઈ માતાના મંદિરે દર્શન અર્થે ટેમ્પામાં નિકળ્યા હતા. દરમ્યાન ગાંધીનગર નજીકના રૂપાલ-રાંધેજા માર્ગ પર બપોરના સમયે ટેમ્પો અચાનક જ પલ્ટી ખાઈ જતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

જેમાં ૩ મહિલા સહિત બે બાળકોને મળી કુલ પાંચ મુસાફરોને શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. આથી તમામ ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં તમામની સારવાર થઈ રહી છે. આ અકસ્માતમાં પરિવારજનો શોકમય બન્યા હતા.

રીટેલર્સ એસોસિએશનનો મિલન સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર રીટેલર્સ એસોસિએશન દ્વારા પરિવાર મિલન સમારોહ આજરોજ, સોમવાર સાંજે ૬.૦૦ કલાકે હોટલ રાજા પુરોહિત, રાંધેજા ખાતે યોજવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં રીટેલર્સ વેપારીઓનું સંગઠન ચાલે છે. ત્યારે આ વેપારીઓ એકબીજાના પરિવારજનોથી પરિચિત થાય તે હેતુથી રાંધેજા રોડ પર આવેલ હોટલ રાજા પુરોહિત ખાતે સમારોહ યોજાશે.

સમારોહમાં એસોસિએશનના પ્રમુખ વિરભદ્રસિંહ વાઘેલા, ઉપપ્રમુખ મેહુલ શાહ, મંત્રી વિનોદ ઉદેચા, ભરતભાઈ પ્રજાપતિ સહિતના વેપારીઓ ઉપસ્થિત રહેશે.

ચિલોડા પાસે હાઈવે પરથી ફરીથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

પોલીસને જોઈ કાર ભગાડવાનો પ્રયાસ કરતા ચાલકને પોલીસે ફિલ્મી ઢબે આંતરી વિદેશી દારૂની ૮૩ બોટલ સહિત ૨.૯૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા.૧૩

ગુજરાતમાં લોકસભાની ચંટણીઓ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ પોલીસ તંત્ર ખૂબ જ એલર્ટ બનતું જાય છે. છેલ્લા એક માસ જેટલા સમયમાં રાજયના સરહદી વિસ્તારો સહિત અનેક જગ્યાએથી મોટા જથ્થામાં વિદેશી દારૂ પકડાવાના કિસ્સા બન્યા છે. ગાંધીનગરના ચિલોડા પાસે હાઈવે પર આવેલા મહુન્દ્રા ગામના પાટીયા પાસેથી આજે પોલીસે એક કારમાંથી કુલ ૮૩ બોટલ વિદેશી દારૂ ઝડપી પાડયો હતો તેમજ કાર સહિત આશરે રૂપિયા ત્રણેક લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

અગાઉથી મળેલ બાતમીના આધારે ચિલોડા પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.કે. પંડયાએ તેમની ટીમ સાથે હાઈવે પર આવેલા મહુન્દ્રા પાટીયા પાસે વોચ રાખી હતી. હિંમતનગર તરફથી બાતમીમાં જણાવ્યા મુજબ એક ઈઓન કાર નં. આર.જે. ૧૨ સીએ ૩૦૯૧ આવતી જોતા તેમણે આ કારના ચાલકને થોભવા માટે ઈશારો કર્યો હતો પરંતુ પોલીસને જોતાંની સાથે જ આ કાર ચાલકે કાર થોભાવવાને બદલે શિહોલી આલમપુર રોડ તરફ કાર ભગાડી મૂકી હતી. પોલીસે તુરંત આ કારનો ફિલ્મી ઢબે પીછો કરી તેને નજીકમાં જ આંતરીને ચાલક લક્ષ્મણજી દેવાજી વરહાત (રહે. બોખલા, તા. બીચાવાડા, જી.ડુંગરપુર-રાજસ્થાન)ને ઝડપી લીધો હતો.

તલાશી લેતા પોલીસને આ ઈઓન કારમાંથી વિદેશી દારૂની ૮૩ બોટલ મળી આવી હતી. આ વિવિધ બ્રાન્ડના વિદેશી દારૂની કુલ મળીને આશરે રૂપિયા ૪૯,૫૦૦ની કિંમત સાથે રૂપિયા ૨.૫ લાખની ઈઓન કાર સહિત પોલીસે કુલ રૂપિયા ૨.૯૯ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી હતી. ગાડીના ચાલકની પૂછપરછ દરમિયાન આ વિદેશી દારૂનો જથ્થો રાજસ્થાનથી અમદાવાદ તરફ લઈ જવાતો હતો તેવું પ્રકાશમાં આવ્યું હતું.

ચૂંટણીના ધમધમાટને પગલે પોલીસે વાહન ચેકીંગ અભિયાન હાથ ધર્યું

શહેરના પ્રવેશ દ્વારો પર સઘન ચેકીંગ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ચિલોડા, તા.૧૩

લોકસભાની ચૂંટણીને પગલે ચિલોડા ખાતે સઘન ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. પોલીસ દ્વારા લાયસન્સ, કાર સહિતની ચકાસણી કરવામાં આવી રહી છે. ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જરૂરી પગલા લેવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર પાસેના ચિલોડા ખાતે ચૂંટણીના પગલે પોલીસ દ્વારા વાહન ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. સામાન્ય રીતે ચૂંટણીમાં મતદારોને રીઝવવા માટે દારુની રેલમછેલ કરવામાં આવતી હોય છે અને નાણા કોથળી છૂટી મૂકવામાં આવે છે. ખરાબ વ્યવહારો રોકવા માટે વાહન ચેકીંગ ચલાવવામાં આવી રહ્યું છે.

રાજયમાં ૩૦ એપ્રિલના રોજ ચૂંટી યોજાવાની છે ત્યારે ચૂંટણીમાં મોટા કાવાદાવા કરવામાં આવતા હોય છે. કાળુ નાણું પણ ચૂંટણીમાં જ વાપરવામાં આવતું હોય છે. આવા કાળા બજારીયાઓને પકડવા માટે ફલાઈંગ સ્કોર્ડ પણ કમર કસી છે. ચિલોડાથી પસાર થતા વાહનોનું ચેકીંગ હાથ ધરાવામાં આવી રહ્યું છે.

પોલીસ દ્વારા અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે અને શહેરમાં પ્રવેશવાના દરેક ગેટ પર અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પોલીસ દ્વારા વાહન ચાલકના દસ્તાવેજો, ગાડીની ડેકી અને શંકાસ્પદ જણાતી વસ્તુઓને ખુલ્લી કરી ચેકીંગ કરવામાં આવી રહ્યું છે. રાત દિવસ પોલીસ દ્વારા ચૂંટણીમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પ્રકારની સાવચેતીના પગલા લઈ રહી છે.

સે-૨૫ ખાતે જોગણી માતાજીની જાતર થશે

ગાંધીનગર, તા.૧૩

શહેરના સેકટર-૨૫માં આવેલ જોગણી માતાના મંદિર ખાતે જોગણી માતાજીની જાતર અને યજ્ઞ કરવામાં આવશે. તા. ૨ એપ્રિલ રવિવારના દિવસે માતાજીનો યજ્ઞ કરવામાં આવશે. સવારે ૯-૦૦ વો યજ્ઞનો પ્રારંભ થશે. સાંજે ૫-૦૦ કલાકે પ્રસાદી અને રાત્રે ૮.૩૦ કલાકે જાતર કરવામાં આવશે. આ પ્રસંગે પાટના ભુવાજી રેવાભાઈ રાવળ શેરથાવાળા ઉપસ્થિત રહેશે. તેમજ મુખ્ય યજમાન તરીકે વેજલપુર નિવાસી મનસુખભાઈ પટેલ અને યજ્ઞના આચાર્ય તરીકે કોલવડાવાલા કમલેશભાઈ શાસ્ત્રી ઉપસ્થિત રહેશે.

ચિરવિદાય

- સ્વ. ભાવસાર જિંગલબેન દિપકકુમાર (ઉ.વ. ૩૦) મુ.પો.પેથાપુર, બંગલા નં.૪૬, ગજાનન રેસીડેન્સી, તા.જી.ગાંધીનગર
- સ્વ. મોતીભાઈ ગેબાભાઈ દેસાઈ (ઉ.વ. ૭૦) મુ.પો. હાલીસા, તા. દહેગામ, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર છગનભાઈ નાગજીભાઈ (ઉ.વ. ૧૯) મુ.પો. અમસુરા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર કંચનબેન છગનભાઈ (ઉ.વ. ૨૦) મુ.પો. અમસુરા, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. જયસ્વાલ નર્મદાબેન બિહારીલાલ (ઉ.વ. ૧૦૫) મુ.પો. કુડાસણ, તા.જી. ગાંધીનગર
- સ્વ. પાલીબેન જીવલજી ઠાકોર (ઉ.વ. ૬૪) મુ.પો. રાંધેજા, તા.જી. ગાંધીનગર
- સ્વ. હંસાબેન મુકેશભાઈ દંતાણી (ઉ.વ. ૩૦) ચરેડી છાપરાં, સેક્ટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. ધાર્મિક કેતનભાઈ સુખડીયા (ઉ.વ. ૧૧) પ્લોટ નં.૪૩૬, શોપિંગ સેન્ટર, સેક્ટર-૧૭, ગાંધીનગર
- સ્વ. જોઈતારામ પૂંજારામ પ્રજાપતિ (ઉ.વ. ૯૭) મુ.પો. નાદરી, તા.કલોલ, જી. ગાંધીનગર
- સ્વ. રેવાબેન છગનભાઈ પ્રજાપતિ (ઉ.વ. ૧૦૦) પ્રજાપતિ વાસ, ધોળાકુવા, તા.જી. ગાંધીનગર

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૨૫
સૂર્યાસ્ત : ૬.૫૬

તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૩.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૪૫ ટકા ● સાંજે ૧૭ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૨.૩૦,૩.૩૦, ૧૦.૦૦
મે તેરા હીરો : ૬.૪૫

: સ્ક્રીન-૨ :
રીઓ-૨ (અંગ્રેજી) ૩ડી : ૧.૦૦, ૩.૧૫, ૮.૦૦
કેપ્ટન અમેરિકા (અંગ્રેજી) ૩ડી : ૫.૧૫, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :
મે તેરા હીરો : ૧૦.૦૦, ૧.૩૦
જલ : ૪.૦૦ ● રેસ ગુર્રમ (તેલુગુ) : ૭.૦૦
કવીન : ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦, ૬.૩૦
મે તેરા હીરો : ૧૨.૩૦, ૩.૩૦, ૧૦.૦૦

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
રીઓ-૨ (હિન્દી) ૩ડી : ૯.૩૫, ૧૨.૦૦, ૫.૨૫, ૭.૫૦
કેપ્ટન અમેરિકા (હિન્દી) : ૨.૨૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૦૦,૧.૦૦, ૪.૦૦, ૭.૧૫, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૧૫, ૯.૩૦

આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૧૫, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
કેપ્ટન અમેરિકા : ૧.૧૫
ભૂતનાથ રીર્ટન : ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ભૂતનાથ રીર્ટન : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
મે તેરા હીરો : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :
ભૂતનાથ રીર્ટન : ૯.૪૫, ૩.૪૫, ૯.૪૫
મે તેરા હીરો : ૧૨.૪૫, ૬.૪૫

સૂર્યા સિનેમા (વાવોલ)

પ્રીતના પારખાં : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. ભાગીદારથી લાભ પ્રાપ્ત થવાની સંભાવના છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

વૃષભ : આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. વધુ પ્રયત્ન કરવો પડશે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી બની રહેશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

મિથુન : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

કર્ક : કૌટુંબીજનોના સાથ સહકાર-પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

સિંહ : આર્થિક ઉન્નતિ થશે. નોકરીમાં સ્થાનાંતરણનો યોગ બનશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

કન્યા : યોગ્ય દિશામાં પ્રયત્ન કરવાથી અટકેલા નાણાં પાછા મળશે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

તુલા : જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો. અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

વૃશ્ચિક : વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે. સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે.

ધન : આવકના નવા સાધનો પ્રાપ્ત થશે. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

મકર : સ્વભાવની સાદગીનો લાભ આપના સુખમાં વૃદ્ધિ કરશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. આપના પ્રયાસોથી વ્યાપારને ટોચ પર પહોંચાવી શકશો.

કુંભ : વિઘ્નો, મુશ્કેલીઓનો સામનો કરી લક્ષ્યને પ્રાપ્ત કરવામાં સફળ થશો. આપને નાણાંકીય કાર્યોમાં સંશોધન થશે. વેપારમાં રોકાણ વિચારીને કરવું.

મીન : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન-પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.